જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૮/૨૦૧૯ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૫ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૭,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૭૪/૧૯

**સોલા હાઈકોર્ટઃ** મહેન્દ્રસિહ ગંભીરસિહ ચુડાસમા (રહે.તિરૂપતિ એપાર્ટમેન્ટ ગ્રામપંચાયત પાણીની ટાંકી સામે સ્વામિનારયણ મંદીર સામે ઘાટલોડીયા) એ તા.૧૪/૦૮/૧૯ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૧૭ થી તા.૧૧/૦૧/૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી માલી હરીશકુમાર મોતુરામ (રહે. ચોથા માળે પ્રમુખનગર ફ્લેટ હવેલી હોલ સામે ચાણકયપુરી ઘાટલોડીયા) એ મહેન્દ્રસિહ ચુડાસમાને વિશ્વાસમાં લઈ મોબાઇલના ધંધામાં રોકાણ કરવું છે અને રૂપિયાની જરૂર છે તેવી વાત કરી જુદી જુદી દુકાનો પર એમ.ઓ.યુ. તથા સમજુતી કરાર કરી બેન્કના ચેક આપી કુલ રૂપિયા ૨૪,૬૬,૦૦૦/- મેળવી લઇ મકાન બંધ કરી ભાગી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

## આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૩૭૫/૧૯

**ઘાટલોડીયાઃ** દીપ અમીતકુમાર સોની (ઉ.વ.૨૬) (રહે. લક્ષ્મીકૃપા ફ્લેટ કારવર્લ્ડની પાસે પારસનગર નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૧૯ સાજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીપસિંહ સરદારસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.